# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર

**ACCREDITED GRADE “A” BY NAAC (CGPA 3.28)**

## માહિતી અને જનસંપર્ક વિભાગ

**Website :** www.ayurveduniversity.edu.in **Email :** pro@ayurveduniversity.com ફોન : 0288-2556852


**અખબારી યાદી નં.૬૦**

**વિષય:- બ્લડ ડોનેશન કેમ્પ સંપન્ન થયો.**

ડીસેમ્બર-2015 માં માર્ગ અકસ્માતમાં સહપરિવાર નિધન પામેલાં અને ગુજરાત સરકારના કર્મશીલ, નિષ્ઠાવાન અધિકારી ડેપ્યુટી કલેકટર સ્વ. શ્રી પંકજસિંહ કે. જાડેજાની દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિ નિમિતે ગરીબ જરુરીયાતમંદ દર્દીઓને વિનામૂલ્યેબ્લડ મળી રહે તેવા શુભ આશયથી ડે. કલેકટર પંકજસિંહજી જાડેજા મેમોરીયલ ગ્રુપ તેમજ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના એન.એસ.એસ. સેલના શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય તેમજ આઇ.આઇ.એ.પી.એસ. યુનિટ જામનગરના સંયુકત ઉપક્રમે તેમજ સામવેદ વોલન્ટરી બ્લડ બેંક, પટેલ કોલોની, જામનગરના સહયોગથી એક બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન તા 14/12/2017 ને ગુરુવારનાં રોજ સવારના 09.30 કલાકથી બપોરના 01.00 કલાક સુધી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીજામનગર ખાતે કરવામાં આવેલ આ પ્રસંગે યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી વૈદ્ય શ્રી સંજીવભાઇ ઓઝા ખાસ ઉપસ્થિત રહેલ તેઓની હાજરી પ્રેરણાદાયી બની રહી હતી. સાથે સાથે આઇ.પી.જી.ટી. એન્ડ આર.એ. ના ડાયરેકટરશ્રી ડો. એ. બી. ઠાકરસાહેબ, ડીનશ્રી એલ.પી. દેઇ મેડમ, શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલયના ઇન્ચાર્જ આચાર્ય ડો. ડી. બી. વાઘેલાસાહેબ, યુનિવર્સિટીના સેનેટ સદસ્યશ્રી વૈદ્ય એ. એસ. બઘેલ તથા સ્વ. પંકજસિંહજીના લઘુબંધુ અને ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીજામનગરના નાયબ કુલસચિવ ડો. અજયસિંહ કે. જાડેજા ઉપસ્થિત રહેલ. યુનિવર્સિટીના સ્પોર્ટ્સ ડાયરેક્ટર અને એન.એસ.એસ.ના સંયોજકશ્રી એચ પી. ઝાલા સાહેબ તથા શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલયના પ્રોગ્રામ ઓફીસર વૈદ્ય મેઘાબેન પંડયા અને આઇ.આઇ.એ.પી.એસ. ના પ્રોગ્રામ ઓફીસર શ્રીમતી યોગીતાબેન ગધેથડીયાએ આ બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવેલ. આ બ્લડ ડોનેશન કેમ્પમાં યુનિવર્સિટીના વિદ્યાર્થી ભાઇઓ-બહેનો, સ્વયંસેવકો, અધિકારીગણ, કર્મચારીમિત્રો તથા સિકયોરીટી સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ આ કેમ્પમાં યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં ત્રણ વિદેશી સ્વયંસેવકોએ પોતાના રકતનું મહામૂલ્યદાન આપીને અન્યોને પણ રકતદાન કરવા માટે પ્રેરણા આપેલ હતી. આ કેમ્પમાં કુલ-96 બોટલ રકત એકત્ર થયેલ. કાર્યક્રમનું સંચાલન પીજી.ટી. હોસ્પિટલ ના આર.એમ.ઓ. વૈદ્ય વી. કે. કોરી દ્વારા તેમજ આભારવિધિ શ્રી એચ. પી. ઝાલા દ્વારા કરવામાં આવેલ.

---

**નં.આયુ/યુનિ/માહિતી/૨/૨૦૧૭-૧૮/૨૯૬૫** **તારીખ: ૧૬/૧૨/૨૦૧૭**

**પ્રતિ,**

**તંત્રીશ્રી/પ્રેસ પ્રતિનિધિશ્રી,**

**મહોદયશ્રી,**

**આપના સુપ્રસિદ્ધ અખબાર/ચેનલમાં જાહેર જનતાના લાભાર્થે બહોળી પ્રસિદ્ધિ મળે તે હેતુથી ઉપર્યુક્ત અખબારીયાદીને પ્રકાશિત/કરવા વિનંતી.**

**આભાર.**

**આપની વિશ્વાસુ**

**ઈ.માહિતી અને જનસંપર્ક અધિકારી**

**નકલ રવાના:**

1. સર્વે પ્રેસપ્રતિનિધિશ્રીઓ તરફ....ઇમેઇલ ધ્વારા
2. નાયબ માહિતી નિયામકશ્રી, લાલબગંલો, જામનગર (સમાચાર માધ્યમોને મોકલવાની વિનંતી સાથે)
3. સર્વે વિભાગીય વડાશ્રીઓ તરફ...ઇમેઇલ ધ્વારા (આપના વિભાગમાં નોટીસબોર્ડમાં મૂકવાનીવિનંતી સૂચનાસાથે.)
   (૧) બોટાનિક્લ ગાર્ડન (૨) પ્રેસ વિભાગ
4. પીપીએસ ટુ વીસી, કુલપતિશ્રી કાર્યાલય (વેબસાઇટ પર પ્રસારિત કરવાની સૂચનાસાથે)
5. તંત્રીશ્રી, ન્યૂઝલેટર, નિયામકશ્રી, આઈ.પી.જી.ટી એન્ડ આર. એ., જામનગર
6. તંત્રીશ્રી, ન્યૂઝફલેશ, આચાર્યશ્રી, આઇ.એ.પી.એસ , જામનગર
7. Shri H.P.Jhala,IQAC CO-Ordinator .